

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

છે બંને પક્ષે બાળ-હઠ, ને નાડું છૂટતું નથી!
બળી ગઈ સીંદરી, વળનું બળ, ખૂટતું નથી!
ચૂંટતું નથી કોઈ - 'પહેલો ઘા કોનો' નું મુહુર્ત -
તૂટતું નથી સંગઠન કે કોઈ ફૂટતું નથી!
(બંને પક્ષે હવે બાંધછોડ જરૂરી)

હાઈકુ

સમજુતિ માં -
દિસે છે ચૂંટણીની -
આડઅસર!
(બંને પક્ષની ચિંતા)

મળે મફત!
રક્ષા કવચ સાથે -
આડઅસર!!
(દ્વિધાની ચિંતા)

### ચિંતન

આશાદાસો જગ્દદાસો નિરાશી: અવનીપતિ: ।
તસ્માત્ આશા સમુચ્છિધ સ્વાનંદે રમતે બુધ: ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃતિ સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે આશાનો, ઈચ્છાનો તૃષ્ણાનો દાસ છે એ આખા જગતનો દાસ છે, અને જે નિરાશી છે, આશા છોડી છે, તે પૃથ્વીનો પતિ છે. તેથી જ આશાને ઉખેડીને જ્ઞાની પુરુષો તો નિજાનંદમાં મસ્ત રહે છે. આવા જ્ઞાની પુરુષને અહીં નિરપેક્ષ કહ્યો છે. અને દેહમાં થતા ફેરફારો - બચપણ - યુવાની - વૃદ્ધાવસ્થા - માંદગી વગેરે કાં જ આત્માને સ્પર્શતા નથી, તે અર્થમાં કહ્યું છે નિર્વિકારી. અગાધબુદધિ એટલે સામાન્યત: તો પુષ્કળ બુદ્ધિ !!

પરંતુ અહીં તે સારાસારની વિવેકબુદ્ધિ અને તે પણ તીવ્ર અને સૂક્ષ્મ, એમ કહેવા માંગે છે.

### સુવિચાર

- તુમ્હેં છીનં લે વો તુમ્હારા નહીં, સબ સોંપ દે હે તુમ્હારા 'વહી' - **ઓશો**
- સવાલ : ધર્મ માટે સમય કયાંથી કાઢવો ?
  જવાબ : પેટ્રોલ પંપ આગળ ગાડી ઉભી રાખવાનો સમય તો કાઢવો જ પડે છે ને? - **અનામી**
- કેદમાંઓથી છોડાવનાર જૂઠ કરતાં કેદમાં મોકલનારું સત્ય ઉત્તમ છે - **શેખ સાદી**
- પરમાત્મા સાથે હોય તો આખે આખા દરિયાની સફર તમે કરી શકો
  પરંતુ માલિકની મોજ વગર તમે ઉંબરોય ન ઓળંગી શકો - **વિવેકાનંદ**
- ઊંટ પોતાની ખૂંધ જોઈ શકતો નથી - **આરબ કહેવત**
- એવો મેં કોઈ જોયો નથી જે સીધા રસ્તા ઉપર ભૂલો પડ્યો હોત - **સંત રોબિન**
- આજનું ઔષધ : આમલીના રસમાં કેળું અને અડધો તોલો ગોળ મેળવીને ખાવાથી સંગ્રહણી રોગમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

હજરત અલી સાહેબ ખલીફા એક દિવસ નમાઝ પઢી ઊભા થયા અને એક આરબ ઉશ્કેરાટમાં ખલીફાને મનફાવે તેમ ગાળો દેવા લાગ્યો. ખલીફાના હિતેચ્છુઓને થયું કે આ અપમાન કેમ સહન થાય. સૌને થયું કે ખલીફા હા પાડે તો આ માણસને સીધોદોર કરી નાખવો. ખલીફા સમજી ગયા એમણે બિલકુલ શાંત રહીને સૂચના આપી, 'ભાઈઓ, પેલા ભાઈને પ્રેમથી પૂછી જુઓ કે એના ઘરનાં સ્વજનો તો ઠીકઠાક છે?? કોઈનું અચાનક મૃત્યુ તો નથી થયું? યા તો એને પેટ ભરીને ખાવાનું મળ્યું નથી કે શું ?'

હિતેચ્છુઓ એ આરબને પૂછ્યું ત્યારે પેલાએ જવાબ આપ્યો. 'મારા પર ભારે દેવું ચડી ગયું છે અને એ કરજ ચૂકવી શકાય એવી સ્થિતિ ન હોવાથી શાહુકારે એને પોતાનો ગુલામ બનાવ્યો છે.' ખલીફાએ ઘરેથી પોતાની બચતમાંથી ઋણ ચૂકવીને તેને બંધન મુક્ત બનાવ્યો. પછી તેમને સૌ હિતેચ્છુને સંદેશ આપતા કહ્યું, 'સજ્જનો, જયારે કોઈ નાનો માણસ કોઈ મોટા માણસનું અપમાન કરે ત્યારે સમજી લેવું કે એના દિલમાં કયાંક વેદના હશે. એનું કયાંક દિલ દુભાયું હશે. એની સાચી સ્થિતિ જાણી લઈને એની વેદના નિવારવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જો આપણા થયેલા અપમાન સામે તેના તિરસ્કાર કરીએ તો આપણે ખુદાએ દર્શાવેલા આપણા ધર્મનું પાલન કર્યું ન ગણાય.'

# માર્ગ અકસ્માતમાં મહદંશે બેદરકારી

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના નવા વરાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડનના જીવનની સૌથી દુ:ખદ યાદ છે એમનાં પ્રથમ પત્ની અને બાળકીનું રોડ અકસ્માતમાં થયેલ કમકમાટીભર્યું મોત. આ ઘટના પછી લાગલગાટ પાંચ વર્ષ સુધી યુવાન સેનેટર વ્યથિત મનોદશામાં રહ્યા હતા અને ડિપ્રેશનના વારંવાર હુમલા આવતાં આત્મહત્યાનો પણ પ્રયાસ કર્યો હતો. માર્ગ અકસ્માત નિવારી શકાય એવી બાબત હોવા છતાં આપણે રોજેરોજ એવા ગોઝારા સમાચારો અખબારોનાં પાનાં પર કે ટીવી ચેનલો પર જોયા કરીએ છીએ. મોટા ભાગના માર્ગ અકસ્માતો માનવીય ભૂલને લીધે થતા હોય છે. કયારેક વાહનની બ્રેક ફેલ થઈ જાય છે. અલબત્ત, આ તમામ બાબતોમાં માનવીય બેદરકારી જ જવાબદાર હોય છે. અકસ્માત કરી નાસી છૂટનારા ઘણી વખત પકડાતા પણ નથી. વળી જે પકડાય છે એ પણ જામીન પર છૂટી જયા હોય છે. હમણાં હમણાં ગુજરાતમાં અને અન્યત્ર માર્ગ અકસ્માતની ઘણી બધી દુર્ઘટનાઓ સામે આવી છે. કીમ નજીક ડમ્પરથી કચડાઈ ગયેલા રાજસ્થાની મજૂર પરિવારો કંઈ રોડ વચ્ચે નહોતા સૂતેલા. તેઓ ફૂટપાથ પર સૂઈ ગયા હતા કારણ કે એમના માથે છાપરું નહોતું અને મજુરીનું સ્થળ નજીક પડે એવી જગ્યા શોધી એમમે કડકડતી શિયાળાની રાડો ફૂટપાથ પર જ પસાર કરવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. જાણે મોત એમને જ શોધી રહ્યું હોય એમ ગોઝારું ડમ્પર શેરડીના વાહન સાથે ટકરાઈ એમના પર ચડી ગયું અને એકીસાથે કુટુંબોનાં કુટુંબો બરબાદ થઈ ગયાં. આવાં દારૂણ દશ્યો જોઈને ભલભળા કઠણ કાળજાવાળાનાં દિલ પરણ હચમચી જાય એ સ્વાભાવિક છે. ડમ્પરના ડ્રાઈવરે દારૂ પીધેલો હોવાનું જણાવાયું છે. ડ્રાઈવર સમુદાય પૂરતી તો દુનિયાભરમાં દારૂબંધી હોવી જ જોઈએ. કમનસીબે વાહનનું ગર્વનર હાથમાં આવતાં જ ઓછું ભણેલાં આવા ડ્રાઈવરો રાજાપાઠમાં આવી જતા હોય છે અને ગમખ્વાર અકસ્માતો સરજી બેસે છે. કાયદામાં સુધારો થયા પછી પણ એમની તુમાખી કે માર્ગ અકસ્માતોમાં ઘટાડો નથી થયો તે કેવી વિડંબના છે!

કયારેક બગોદરા હાઈવે અને ચિલોડા-હિંમતનગર-રતનપુરના હાઈવે પર સૌથી વધારે માર્ગ અકસ્માતો નોંધાયા હતા. સરકારે ચાર માર્ગી અને છ માર્ગી રસ્તા કર્યા પછી એ સંખ્યામાં ઘટાડો થયો છે પણ અકસ્માતો થતા જ રહે છે. એકલદોકલ માણસ રસ્તો ઓળંગતાં ઝપેટમાં આવી જાય છે, કાં તો ધુમ્મસને કારણે વાહનો એકબીજા સાથે ટકરાય છે. સ્કૂટર કે બાઈક સવારનો મોટી સંખ્યામાં ભોગ લેવાતો રહે છે. તાજેતરમાં વસાઈના મજૂર પરિવારની મહિલાએ ડાભલા ચોકડી પર જીવ ગુમાવી ચૂકી છે. એ રીતે જ ડમ્પરની ટક્કરમાં ટક્કર વાગતા બામણબોર બાઉન્ડરી પાસે પરિવારનો એકનો એક દીકરો અને અન્ય એક જણ યમદ્વારે પહોંચી ગયેલ છે. મમતા બેનર્જીના રાજય પશ્ચિમ બંગાળમાં એક્સપ્રેસ હાઈવે પર ધુમ્મસને કારણે અનેક વાહનો એકમેક સાથે ટકરાયાં હોવાના સમાચાર છે. આ તમામ દુર્ઘટનાઓના મૂળમાં 'હ્યુમન એરર' માનવીય ભૂલ પડેલી છે. તંત્રે આ બાબત ગંભીરતાથી લેવી જોઈએ. માત્ર માર્ગો પહોળા કરી દેવાથી કે ઓવરબ્રિજ અને બાયપાસ રોડ બનાવી દેવાથી પ્રશ્ન પતી જતો નથી. ઊલટાના એથી તો વાહનચાલકો વધારે બેફામ બની ગયા છે. સ્પીડ કંટ્રોલ માટેનાં અદ્યતન ઉપકરણો લગાવાયાં હોવા છતાં વિદેશની જેમ આપણે ત્યાં એનું થવું જોઈએ એવું મોનિટરિંગ નથી થતું. સાવ નિર્દોષ લોકો વાહનચાલકોની બેદરકારીનો ભોગ બનતા રહે છે. સાઈડમાં પાર્ક કરેલા વાહનને ઓચિંતું પૂરઝડપે આવતું વાહન હડફેટે લઈ ચાલ્યું જાય છે. આવી ઘટનાઓ રોકવાની જવાબદારી તંત્ર જેટલી જ સમાજની પણ છે. વસતિ વધારા સાથે અને કહેવાતી આર્થિક આગેકૂચ સાથે આપણા દેશમાં વાહનો પણ વધતાં રહ્યાં છે અને એ સતત પ્રદૂષણ ફેલાવતા રહે છે અને કયારેક જીવલેણ અકસ્માત સર્જતા રહે છે. અકસ્માત જોઈને કે એના સમચાર જાણીને બે ઘડી અરેરાટી વ્યકત કરનારા એવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય એ દિશામાં કશુ જ વિચારતા નથી. દારૂ પીને અકસ્માત કરનારને કડકમાં કડક સજા થવી જોઈએ. વળી જૂના થઈ ગયેલા કે ખોડખાંપણવાળા વાહનોને એક નિશ્ચિત એક્સપાયરી ડેટ પર રસ્તાઓ પરથી હટાવી દેવા જોઈએ. હાર્ટ એટેક, કેન્સર અને ડિપ્રેશન જેવી બીમારીઓથી થતાં મોતની લગોલગ માર્ગ અકસ્માતોથી મૃત્યુ થતાં હોય છે, જેનો આપણે પૂરતી ગંભીરતાથી લઈ અટકાવવા સહિયારો પુરુષાર્થ કરવાની જરૂર છે.

# સોમવાર - શિવનો વાર

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા



નદી કિનારે વસેલું આ નગર હતું. કિનારામાં બે મુખ્ય આકર્ષણો - શિવાલય અને ઋષિ યાજ્ઞવલ્ક્યનો આશ્રમ.

નગરના રાજા ચિત્રસેન ને રાણી ચિત્રાદેવી નગરજનો માટે માબાપ સમાન હતા. રાજા બધી રીતે સંતોષી તેથી સુખી.



દુ:ખ એક જ હતું. કોઈ સંતાન નહિ. એક વાર તો ચિત્રાદેવીએ પ્રસ્તાવ મૂક્યો. રાજાને કહ્યું, 'તમે બીજા લગ્ન કરો.' રાજાએ ના પાડી. 'ભાગ્યમાં નહિ હોય, તો ન થાય એના માટે બીજાં લગ્ન ન કરાય.'

રાજા ભગવાન વિષ્ણુના ઉપાષક. દેવર્ષિ નારદને આની અને એની સમસ્યાની ખબર હતી. એકવાર એ રાજા પાસે આવ્યા અને કહ્યું, 'મને તારા દુ:ખની ખબર છે. હું પત્ની સાથે યજ્ઞ કર. એનો પ્રસાદ ચિત્રાને આપજે.' રાજાએ પત્નીને સાથે રાખને યજ્ઞ કર્યો. એનો પ્રસાદ રાણીએ આરોગ્યો.

ખરેખર બન્યું એવું. સમય થયો ત્યારે રાણીને પુત્રીનો જનમ થયો. રાજપરિવાર અને નગરજનોમાં આનંદ છવાઈ ગયો. જોતાં જ, આંખ ઠરી, જાય એવી કન્યા હતી. છઠ્ઠે દિવસે પુરોહિત આચાર્ય આવ્યા. કન્યાની જન્મકુંડળી તૈયાર કરી. આચાર્ય વિચારમાં પડી ગયા. રાજાને ચિંતા થઈ. 'શું બાબત છે?' આચાર્ય કહ્યું, 'ચૌદમા વરસે કન્યાના લગ્ન થશે; કે તરત જ વૈધત્વનો યોગ છે. પરંતુ પછી સૌભાગ્યનો યોગ પણ છે. કન્યાનું નામ 'સીમન્તિની' રાખો, ચન્દ્રરાશિ કુંભ છે.'

સીમન્તિની મોટી થવા લાગી. સંસ્કારમાં, વિદ્યામાં બધી રીતે સરસ. શાસ્ત્રોમાં નિપુર્ણ, કલાઓમાં પારંગત.

હવે એને ચૌદમું વરસ બેઠું. એણે અંત:પુરમાં, માતાપિતાનો સંવાદ સાંભળી લીધો. 'આ વરસે પોતાને વૈધવ્યયોગ છે.' બીજે દિવસે સવારમાં એ ઋષિ યાજ્ઞવલ્ક્યના આશ્રમે ગઈ. માતા મૈત્રેયીને પગે પડી, રડવા લાગી. મૈત્રેયીએ ઉપાય બતાવ્યો. 'રડતી નહીં, શિવજી સ્ત્રીઓ માટે સૌભાગ્યના સંરક્ષક છે. સોમનાર શિવજીનો વાર છે. તારે નદીમાં સ્નાન કરીને, શિવાલયમાં જવું, પૂજા કરવી. ઘરે આવીને મંદિરમાં ઘીનો દીવો કરવો અને અન્ન ગ્રહણ કરવું.'

સીમન્તિની સંતોષ સાથે ઘરે આવી. મૈત્રેયીની સૂચના પ્રમાણે સોમવાર શરૂ કર્યો. આવા સોળ સોમવાર થયા.

હિમાલયની તળેટીમાં નિષધ દેશનો રાજકુમાર ચિત્રાંગદ હતો. એની સાથે એના લગ્ન થયા, એ પતિની સાથે સાસરે આવી.

એકવાર યમુના નદીને કિનારે બંને ફરતા હતા. ચિત્રાંગદને નૌકામાં ફરવાનું મન થયું. સીમાન્તિનીએ ના પાડી, છતાં એ નૌકામાં નિકળી પડ્યો. ઓચિંતું વાવાઝોડું શરૂ થયું. સીમન્તિની નજર સામે નૌકા ઊંધી વળી ગઈ. કુમારને બચાવવાની શકયતા ન હતી. સીમન્તિની રડવા લાગી.

પરંતુ ચિત્રાંગદ જયાં ડૂબ્યો હતો. ત્યાં એક નાગકન્યા ફરતી હતી. તેણે એને પકડીને પોતાના જળમહેલમાં લઈ ગઈ. એના પિતાએ એણે વિનંતી કરી. નાગરાજે ચિત્રાંગદને સલામત રીતે, એના નિવાસસ્થાને મોકલવાની વ્યવસ્થા કરી આપી.

ચિત્રાંગદ સહેદે પાઠો આવી ગયો. સીમન્તિનીને અપાર આશ્ચર્યની સાથે આનંદ થયો. તરત જ ભગવાન શંકરને મનોમન પ્રણામ કરી લીધા.

# દ્રૌણાચાર્ય પુરસ્કારની શરુઆત ક્યારથી થઈ?

**ખજાનો**

અનિલ પટેલ



## રમત-જગત

૧ ૨૦૦૮માં બેજિંગ ખાતે યોજાયેલ ઓલિમ્પિક રમતોત્સવમાં કયા ગુજરાતી ખેલાડીની પસંદગી થઈ હતી ?
(અ) બાબુભાઈ પણોચ (બ) પૂજન પટેલ
(ક) દિનેશ ભીલ (ડ) નિલોફર ચૌહાણ

૨ રુપેશ શાહ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) સ્કેટીંગ (બ) બિલિયર્ડ
(ક) ચેસ (ડ) સ્વીમીંગ

૩ નીચેનામાંથી કયા ખેલાડી ટેબલ ટેનિસ રમત સાથે સંકળાયેલ છે?
(અ) નિલોફર ચૌહાણ (બ) સતીષ મોહન
(ક) વૈશાલી મકવાણા (ડ) હરમીત દેસાઈ

૪ રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવનાર ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કયો એવોર્ડ અપાય છે ?
(અ) સરદાર પટેલ એવોર્ડ (બ) જયદીપસિંહ બારીયા એવોર્ડ
(ક) એકલવ્ય એવોર્ડ (ડ) ખેલરત્ન એવોર્ડ

૫ અચલા દેવરે કઈ રમતા સાથે સંકળાયેલ છે ?
(અ) નિશાનેબાજી (બ) ખોખો
(ક) કબડ્ડી (ડ) ક્રિકેટ

૬ દુનિયાના ૭ સમુદ્રો હાથમાં બેડી પહેરી તરવાનું કૌશલ્ય બતાવનાર ખેલાડીનું નામ ?
(અ) સુફિયા શેખ (બ) બાબુભાઈ પણોચ
(ક) નાથુરામ પહાડે (ડ) સુનિલ ગુપ્તે

૭ કયા મેળામાં સરકાર દ્વારા ગ્રામીણ ઓલ્પિમ્પિક યોજાય છે ?
(અ) શામળાજીના મેળામાં (બ) બેચરાજીના મેળામાં
(ક) અંબાજીમાં મેળામાં (ડ) તરણેત્તરનાં મેળામાં

૮ પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનનાર ટેનિસ ખેલાડી રાફેલ નડાલ કયા દેશના છે ?
(અ) સ્પેન (બ) ફ્રાન્સ
(ક) બ્રાઝિલ (ડ) પોર્ટુગલ

૯ અર્જુન પુરસ્કાર મેળવનાર ખોખોનો પ્રથમ ગુજરાતી ખેલાડી કોણ હતા?
(અ) ગગન નારંગ (બ) સુધીર પરબ
(ક) અચલા દેવરે (ડ) દિનેશ ભીલ

૧૦ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) રાજકોટ (બ) ભાવનગર
(ક) સુરત (ડ) જામનગર

૧૧ દ્રૌણાચાર્ય પુરસ્કારની શરુઆત ક્યારથી થઈ ?
(અ) ઈ.સ. ૧૯૮૦ (બ) ઈ.સ. ૧૯૮૫
(ક) ઈ.સ.૧૯૯૦ (ડ) ઈ.સ. ૧૯૯૫

૧૨ કેડી સિંહ બાબુ સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) લખનૌ (બ) કાનપુર
(ક) અમેઠી (ડ) ભરતપુર

૧૩ કોઈ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચની સમય અવધિ કેટલી હોય છે?
(અ) ૬૦ મિનિટ (બ) ૭૦ મિનિટ
(ક) ૮૦ મિનિટ (ડ) ૯૦ મિનિટ

૧૪ બારામતી સ્ટેડિયમ કયાં આવેલ છે ?
(અ) હૈદરાબાદ (બ) કટક
(ક) ચેન્નાઈ (ડ) જયપુર

૧૫ અર્પી હીરાકણીનું નામ કઈ રમત સાથે જોડાયેલું છે ?
(અ) ચેસ (બ) શૂટીંગ
(ક) તરણ (ડ) ખોખો

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૨ જાન્યુઆરી :
  - ગઝલકાર, પત્રકાર, અબ્બાસ વલી વાસી 'મરીઝ'નો જન્મદિવસ (૧૯૧૭)
  - જાણીતા ઈંગ્લીશ સાહિત્યકાર (કવિ) લોર્ડ બાયરોનનો જન્મદિવસ (૧૭૮૮)
  - કેનેડાના પહેલા મહિલા અવકાશયાત્રી રોબેરેટ્રા બોન્ડર ડીસ્કવરી સ્પેશ સટલમાં અવકાશયાત્રાએ ગયા (૧૯૯૨)
  - રાણી વિકરોરીયાએ ૧૯૦૧માં રાજીનામું આપ્યું.
- ૨૩ જાન્યુઆરી :
  - રાજારામ મોહનરાયે 'બ્રહ્મસમાજ'ની સ્થાપના કરી (૧૮૩૦)
  - સ્વાતંત્ર્યના અણનમ યોદ્ધા સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૮૯૭)
  - વિશ્વ વિખ્યાત પેરીસમાં જન્મેલ ફ્રેન્ચ મહિલા ચિત્રકાર ઈડોયુર્ડ માનેટનો જન્મદિવસ (૧૮૩૨)
  - મૂળ બ્રિટનના પણ અમેરિકાના પ્રથમ ટ્રેઈન્ડ મહિલા ફીઝીશીયન ડૉ. એલિઝાબેથ બેકલેવનો જન્મદિવસ (૧૮૩૨)
- ૨૪ જાન્યુઆરી : રાષ્ટ્રીય બાલિકા દિવસ
  - સાહિત્યકાર પ્રિયકાંત મણિયારનો જન્મદિવસ (૧૯૨૭)
  - અણુ વૈજ્ઞાનિક હોમીભાભાનું નિધન (૧૯૬૬)
  - ઓપર્ચુનિટી નામનું રોબોટીક રોવર મંગળની ધરતી પર ઉતર્યું (૨૦૦૪)
  - બ્રિટનના પૂર્વ પ્રાઈમ મિનિસ્ટર વિસ્ટન ચર્ચિલનું નિધન (૧૯૬૫)
- ૨૫ જાન્યુઆરી : રાષ્ટ્રીય મતદાર દિવસ / ભારત પર્યટન દિવસ
  - મધર ટેરેસાને ભારત રત્નથી સન્માનિત કરાયા (૧૯૮૦)
  - ફિલિપિન્સના પૂર્વ વડાપ્રધાન કોરાઝોન એકવીનોનો જન્મદિવસ (૧૯૩૩)
  - એનીમેટેડ ફિલ્મ 'વન હન્ડ્રેડ એન્ડ વન ડેલમેટીયન' અમેરિકામાં રજૂ થઈ (૧૯૬૧)
  - 'એમી એવોર્ડ' પ્રથમવાર ૬ કેટેગરીમાં આપવાની શરુઆત થઈ (૧૯૪૯)
- ૨૬ જાન્યુઆરી : પ્રજાસત્તાક દિન
  - શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનું નિધન (૧૮૨૩)
  - યુરોપિયનોને ઓસ્ટ્રેલિયાની ધરતી પર બ્રિટીશ ફલેગ લગાવી કાયમી વસવાટ શરૂ કર્યો. (૧૭૮૮)
  - કેનેડિયન આઈસ હોખી પ્લેયર યેની ગ્રેટકઝીનો જન્મદિવસ (૧૯૬૧)
  - બ્રિટીશ જનરલ ચાર્લ્સ જયોર્જ ગોર્ડન અને સાથીઓની મહેડીસ્ટ દ્વારા હત્યા કરવામાં આવી. (૧૮૮૫)
- ૨૭ જાન્યુઆરી :
  - પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી આર. વેંકટરામની પુણ્યતિથિ (૨૦૦૯)
  - વિયેતનામમાં અમેરિકા દ્વારા યુદ્ધ વિરામ ઘોષિથ કરાયો (૧૯૭૩)
  - અમેરિકન મ્યુઝિક કમ્પોઝર જેરોમ કેનનો જન્મદિવસ (૧૮૮૫)
  - થોમસ આલ્વા એડેશનને અભય દીવાની શોધ કરી (૧૮૮૦)
- ૨૮ જાન્યુઆરી :
  - વિવેચક અને સંપાદક જયંત કોઠારીનો જન્મદિવસ (૧૯૩૦)
  - અમેરિકન સ્પેશ શટલ ચેલેન્જરમાં વિસ્ફોટ થયો (૧૯૮૬)
  - સ્વીડીશ ચિલ્ડ્રન રાઈટર એસ્ટ્રીડ લીન્ડગ્રીનનું નિધન (૨૦૦૨)
  - સાહિત્યકાર રાજેન્દ્ર શાહનો જન્મદિવસ (૧૯૧૩)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પ.બંગાળ રાજયમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ કોણ છે ? જવાબ : દિલીપ ઘોષ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) મહેશ એમ જાદવ : ગૂ.વિદ્યાપીઠ (૨) રાજેશ રાવલ : સે-૨૪ (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રભાઈ પાઠક : ઈન્ફો જુ.સા. કૉલેજ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) રાજેન્દ્ર રાવલ : સે-૭ડી (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૮) શિવાંગી બ. પટેલ : સરગાસણ (૯) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ

હાલના કેન્દ્ર સરકારના કૃષિ મંત્રી કોણ છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ખેલ મીડિયામાં છવાયેલા મહેમાનો!

**હળવે હૈયે**

પ્રકાશ લાલા



ઉત્તરાયણની ઊજવણી, પતંગદોરી, ચીક્કી-ઊંધિયું-જલેબીની મોજમજા વચ્ચે થોડો વિચિત્ર, કંઈક રમુજી અને ચટાકેદાર અખબારી અહેવાલ તમારા વાંચવામાં ય આવ્યો જ હશે.

કેનેડાના ક્યૂબેક સિટીમાં બનેલી અને ફોટા સાથે વાઈરલ થયેલી ઘટનાના સમાચાર હતા એ.

કેનેડાના ક્યૂબેક સિટીમાં રાત્રે કરફ્યુમાં કૂતરાને બહાર ફરવા લઈ જવાની છૂટ હોવાથી એક 'મેડમ' પોતાના પતિ પરમેશ્વરને કૂતરો બનાવીને, મતલબ એમના મિસ્ટરને ગળે પટ્ટો બાંધી, લઈને ફરવા નીકળી પડેલાં.

પોલીસે રોક્યાં તો બેધડક - બિન્દાસ્ત કે નિર્દોષતાથી કહી દીધું કે આ મારો કૂતરો છે... એને લઈને કરફ્યુમાં બહાર નીકળી છું એટલે મેં કોઈ ગુનો કર્યો નથી....

આ (સન્ન) નારીની હિંમતને (બેશરમી)ને દાદ દેવી કે ગળે પટ્ટો બંધાવી, શ્રીમતીજી સાથે, કૂતરાની માફક જ ચાર પગે વાઈફ સાથે રોડ ઉપર ચાલતા 'હસબન્ડ'ની પત્ની ભક્તિને બિરદાવવી? જો ઘટનાની મૂલમાં જઈએ તો અવનવાં, ગમ્મત પડે તેવાં તારણો કાઢી શકાય. જેમ કે કર્ફ્યૂથી કંટાળેલી વાઈફે બહાર જવાની અને એય સજોડે જ જવાની જબરી જીદ પકડી હશે. તેથી પત્નીને 'પ્લીઝ' કરવા પતિદેવે 'ડોગ' બની રોડ ઉપર રિલીઝ થવાનો આ રસ્તો કાઢ્યો હશે. કદાચ 'વાઈ સે વર્ષા' પણ હોઈ શકે. અથવા તો પતિએ તો કરફ્યુમાં બહાર ન જવા અને આ રીતે કૂતરો બનીને સાથે નહીં જ આપે તેવું ધરાર કહ્યું હોય પણ પત્નીએ 'ડીવોર્સ' ની ધમકી આપતાં ફક્ત 'દાંપત્ય જીવન' નંદવાય નહીં, તે માટે અને દેશનાં છૂટાછેડાના કેસોમાં વધારો નહીં કરવાના શુભાશયથી જ આ મિસ્ટર 'હર મિસ્ટ્રેસ'સ વોઈસ' જો તાબે થયા હોય એવું બનવાં સંભવ છે. અરે, દંડ ભરવો પડે તો ભરી દઈશું પણ કંઈક 'નવું' (૧) કરીને મીડિયામાં છવાઈ જવાની ઘેલછાએ પણ હસબન્ડે વાઈફ સામે 'બંડ' ને પોકારતાં મિસ્ટર-મિસીસે આ નવલું 'જોઈન્ટ વેન્ચર' કર્યું હોવાની શક્યતા પણ નકારી ન શકાય. જે હોય તે... પણ આ ઘટનાના ફોટા સાથેના અહેવાલ જોઈ 'ગાલિબ'નો શૅર યાદ જરૂર આવી જાય છે કે -

'બર્બાદે ગુલીસ્તા કરતે કો બસ એક હી ઉલ્લૂ કાફી હૈ, પર યહાં તો હર શાખ પે ઉલ્લૂ બેઠા છે, અંજામ-એ - ગુલીસ્તાં કયા હોગા?'

● ● ●

ટીવી ઓન કરીએ છીએ ત્યારે એના પડદે જાહેરાતોના મારા વચ્ચે વચ્ચે આપણને થોડા 'ન્યૂઝ' કે સિરિયલ એપીસોડનો નાકકડો ટૂકડો જોવા મળી જાય છે... એ આપણું સદ્ભાગ્ય છે... ઘણીવાર ગુસ્સો આવી જાય કે સાલુ આપણે ટીવી ઓન સિરીયલ કે સમાચાર જોવા કરેલું કે એડવર્ટાઈઝમેન્ટ જોવા?

પરંતુ દરેક વાતમાંથી આનંદ મેળવવાની આદત કેળવીએ તો ટીવી પર પ્રસારિત થતી અને આપણે ફરજિયાત જોવી પડતી 'એડ્ઝ' માંથી ય મનોરંજન - આનંદ માણી શકીએ ખરાં. 'એડ્ઝ' માંતી જાતજાતની અને ભાતભાતની પ્રોડક્ટસ વિશે તો ઢગલાબંધ માહિતી મળે જ છે. એ ઉપરાંતે ય ઘણું સમજવા શીખવા પણ મળતું રહે છે...

જેમ કે સદીના મહાનાયક બચ્ચનજીને ઢગલાબંધ એડવર્ટાઈઝમેન્ટમાં છવાયેલા જોઈ આપણને જ્ઞાન લાધે છે કે કોરોના સંક્રમિત થાય પછી - હોસ્પિટલાઈઝડ્ થયા પછી - એન્ટી બોડી ડેવલપ થતાં વ્યક્તિ (અમિતાભજીની માફક) બમણી શક્તિ અને સ્ફૂર્તિથી પ્રવૃત્તિ કરી શકે છે. મનથી - દિલથી જુવાન રહીએ તો ઉંમર નડતી નથી.

કોઈ ધરખમ ક્રિકેટર કે નંબર વન એકટર-એક્ટ્રેસ એક્સ-વાય-ઝેડ પ્રોડકટની જે ખૂબીઓ ખૂબીપૂર્વક ગણાવતાં હોય છે એ જોઈને લેવાનું - વાપરવાનું મન થઈ જ જાય.

પોતાની કંપનીના સાબુ કે હેન્ડવોસ વાપરવાનું કહેવાને બદલે, કોરોનાથી બચવા સતત હેન્ડવોશ કે સાબુથી હાથ ધોતા રહેવાની સલાહ આપતી મોટી સાબુ કંપની દ્વારા જનહિતમાં પ્રસારિત કરાતી 'એડ' જોઈને કંપનીની દેશની જનતા માટેની ચિંતા જોઈ માન થઈ આવે છે.... (ભલે અંતમાં ફલાણાં ફલાણાં સાબુ દ્વારા જનહિતમાં જારી એવી જાહેરાત કરાતી હોય...!!)

એકટર્સ - ક્રિકેટર્સને ફલાણા ફલાણા મસાલા, અમુક તમુક ચોખા કે ઢીંકણા ઢીંકણા તેલ જ હેલ્થ માટે બેસ્ટ કહેવા જોઈને થાય કે આપણે અત્યાર સુધી જે ખાધું-પીધું વાપર્યું એ બધું થર્ક કલાસ જ છે... ને તંદુરસ્ત જીવવું હોય તો આ લોકો કહે છે એ જ ખરીદવું રહ્યું...

એક વડીલે હમણાં બળાપો કાઢ્યો કે આ એકટરો - ક્રિકેટરો બિચારા મોડેલ્સની તો છૂટ્ટી જ કરાવી નાખી છે. અને આવા મોટા ગજાના કલાકારોને ફાલતું ચીજોની જાહેરાતો કરતા જોઈ હસવું કે રડવું એ જ સમજાતું નથી... આ લોકો એમનો ધંધો કરી ખાતા હોય તો ?

પહેલાં ફિલ્મી કલાકારોને નાના પડદાનો 'છોછ' હતો. પણ લોકોના દિલોદિમાગ પર સતત છવાયેલા રહેવા માટે વિશાળ દિલ રાખી એ લોકો નાના પડદે આ રીતે પણ આપણને દર્શન દે છે એ મોટી વાત માનીને આનંદ લેવો...

બાકી તો 'દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાને વાલા ચાહીએ' અને 'પૈસો ભલે કહેવાતો હાતનો મેલ પણ પૈસો જ કરાવે છે આ બધાં પાસે જાતભાતના ખેલ!'